ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*દંભે દેખાડે દુશ્મની પણ માંય ના માંય હોય છે,*
*સોગંદથી નકારે છતાંય કાંય નું કાંય હોય છે.*
*ન્હોય કંઈ છતાં બોલે નેતા હોય છે હવામાં પગ -*
*મૂખે રાખે સ્મિત પણ હૃદયમાં લાય-લાય હોય છે...*

### હાઈકુ

*કાચંડા પણ -*
*સમય ને સંજોગે -*
*બદલે રંગ!*

*સત્તાનું પૈણ -*
*લગ્ને લગ્ને કુંવારા -*
*પક્ષ પલ્ટુઓ !*

### ચિંતન

**કબીર તૂ કાહે ડરે ! શિર પર હરિ કા હાથ,**
**હાથી ચઢકર ડોલિયે, કુકર ભોંકે લાખ.**

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**આપણે મનુષ્યો સતત ચિંતા અને ભયનાં ઓથાર વચ્ચે જ જીવી રહ્યા છીએ. અનેક પ્રકારની ચિંતાનું જાળું આપણે જ આપણી આસપાસ રચી દીધું છે. એમાંથી મુક્ત થવાના રસ્તો આપણને સૂઝતો નથી. ક્યારેક ચિંતાનો બોજ વધી જાય ત્યારે એ ચિંતા ડરનું સ્વરુપ ધરી લે છે.**

**ધનદૌલત અને સમૃદ્ધિની સલામતીની ચિંતા ઉપર એકબીજી ચિંતા છે. 'સમાજ શું કહેશે એ' આવા ખોટાં ડરમાંથી મુક્ત થવાનો રસ્તો બતાવતાં કબીર કહે છે કે, 'હે માનવો !! તમે ડરો શા માટે ? પરમ કૃપાળુ પરમાત્માનું શરણ ગ્રહણ કરી લો ! એક વાર તમને પરમાત્મા ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થઈ એટલે જાણજો કે તમારા માથા પર મહા-સમર્થ દેવનો હાથ છે, તેમને શરણે ગયા પછી તમારે ડરતાં ફરવાની જરૂર શી છે ?'**

**હાથી એટલે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા : શ્રદ્ધારૂપી હાથી પર બેસી નિશ્ચિંત થઈ ફરતા રહો. પાછલ લાખો કૂતરા ભસે તેનો એટલે સમાજનો કોઈ ડર રાખશો નહીં કે દરકાર કરશો નહીં.**

### સુવિચાર

- કુદરતે મોટા ભાગના જીવને આડા બનાવ્યા છે જયારે મનુષ્ય ને ઊભો બનાવ્યો છે, પણ મનુષ્ય મોટાભાગે 'આડો' જ ચાલે છે - **એન. જે. ગોલીબાર**
- ખરાબ સમયની એક વાત સારી છે, કે જેવો શરૂ થાય એટલે તરત વધારાના નકામા લોકો જીવનમાંથી ચાલ્યા જાય છે એ કડવું પણ સત્ય છે - **ભૂપત વડોદરિયા**
- માત્ર દરિયો જોઈને જેઓ એમ માની લે છે કે જમીનનું અસ્તિત્વ જ નથી, તેઓ નબળા શોધકો છે - **ફ્રાન્સિસ બેકન**
- આપણને જે લાગે તે બોલવું જોઈએ અને જે બોલીએ તે અનુભવવું જોઈએ, વાણીને જીવન સાથે સંવાદી બનવા દો - **સેનેકા**
- 'સરસ છે' કહીને અટકે નહીં ને 'અમારે શું ??' એમ કહીને છટકે નહીં... તે જ સાચો સ્નેહી!! - **મુંબઈ સમાચાર**
- જયાં સુધી મારા દિવસો સૂર્યની જેમ પ્રકાશિત છે ત્યાં સુધી હું દરેક વસ્તુની ઊજળી બાજુ જ જો તો રહીશ - **ફ્રેડરિક નિત્શે**
- આજનું ઔષધ : કાળા મરી બાળી તેનો ધુમાડાનો નાશ લેવાથી બંધ નાક ખૂલી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કબીરના વિરોધીઓએ તે સમયના બાદશાહ સિકંદરને ફરિયાદ કરી કે કબીર ધર્મને નામે લોકોને બહેકાવી રહ્યા છે. રામ-રહીમ એક જ છે એવી ધર્મવિમુખ વાતો લોકોમાં ફેલાવી રહ્યા છે. બાદશાહે કબીરને હાજર કરવા કહ્યું. જયારે કબીરે દરબારમાં પ્રવેશ કર્યો. એ સમયે હિંદુઓ તથા મુસલમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. તેઓ સૌ પ્રથમ બાદશાહનો ન્યાય જોવા આવ્યા હતા. કબીર બાદશાહ સામે ઊભા રહ્યા અને મોટેથી હસવા લાગ્યા. બાદશાહે પૂછ્યું, 'તમને હસવું શા માટે આવે છે?' કબીરે કહ્યું, 'હસવું ન આવે તો શું થાય?? તમે તો માત્ર હિંદુસ્તાનના સમ્રાટ છો અને છતાં તમારી સમક્ષ હિંદુઓ તથા મુસલમાનો અદબપૂર્વક એક હારમાં ઊભા રહો તો એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? આમ થાય તો સમગ્ર વિશ્વ પણ એક જ થઈ શકે ?' બાદશાહને કબીરની વાણીનો મર્મ સમજાયો કે રામ અને રહેમાન એક જ છે. એમ ઉપદેશ આપનાર કબીરની કોઈ વાત ધર્મવિમુખ નથી. બાદશાહ સિંહાસન ઉપરથી ઉતરીને કબીરને વંદન કરીને બોલ્યો, 'તમે મને એક નવી ધર્મદષ્ટિ આપી છે.'

# પ્રિયંકા : ગાજ્યા મેઘ વરસ્યા નહીં

**તંત્રીસ્થાનેથી...**

વારાણસીની પ્રતિષ્ઠાની બેઠક પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશાળ રેલી યોજ્યા પછી દશાશ્વમના પવિત્ર ઘાટ પરથી બાબા વિશ્વનાથ અને ગંગામૈયાની સાક્ષીએ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે તત્કાલીન મુખ્યમંત્રી તરીકે પોતાના હોમ સ્ટેટ ગુજરાતમાં વડોદરાની બેઠક પર અને રાષ્ટ્રીય ફલક પર, સવિશેષ હિંદુત્વનો સ્પષ્ટ સંદેશ જાય એ મુદ્દો ધ્યાનમાં લઈ વિશ્વના સૌથી પ્રાચીન ગણાતી અને મોક્ષનગરી તરીકે ઓળખાતી વારાણસી પર વૈકલ્પિત ઉમેદવારી નોંધાવેલી. બેઉ બેઠકો પર રંગેચંગે દિગ્વિજય સાંપડ્યા પછી એમણે વતનની બેઠક છોડી દીધી હતી અને વારાણસીના સાંસદ તરીકે અને પાર્ટીના મોભી એવા ડૉ. મુરલીમનોહર જોષીને વારાણસીની બેઠક પોતાના માટે ખાલી કરી કાનપુરની બેઠક પર ચૂંટણી લડવા યેનકેન પ્રકારેણ સંમત કર્યા હતા જેની નારાગજી આજે પણ મુરલી મનોહર જોષીની આંખોમાં અકબંધ છે. વારાણસીનો મહિમા અયોધ્યા અને મથુરાં કરતાં ઓછો નથી. ભારતીય જનતા પાર્ટી દ્વારા ચલાવેયલ હિંદુત્વની ઝુંબેશમાં બાબરીધ્વંસ પછીનાં બે લક્ષ્યાંક કાશી અને મથુરા છે. બનારસ હિંદુ યુનિવર્સિટી જેવી શૈક્ષણિક સંસ્થાના સ્થાપક અને કોંગ્રેસમાં પોતાની સનાતન ધર્મ તરફી વિચારધારાને કારણે હાંસિયે ધકેલાઈ ગયેલા પંડિત મદનમોહન માલવીયના વંશજો દ્વારા જ પોતાના નામની દરખાસ્ત મુકાય એની પણ મોદીએ કાળજી લીધી હતી. એ વખતે મોદીને પડકારવા માટે કોંગ્રેસના ઉમેદવાર અને આમ આદમી પાર્ટીના સર્વેસર્વા તથા મહત્ત્વાકાંક્ષી નેતા અરવિંદ કેજરીવાલ ચૂંટણી જંગમાં ઊતર્યા હતા. કેજરીવાલનો સૂરજ ત્યારે ચડતી કળાએ તપતો હતો. અલબત્ત, મોદી વિક્રમ બહુમતીથી નહોતા જીતી શક્યા પરંતુ એમને સારી 'ફાઈટ' જરૂર મળી હતી. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં મોદી માત્ર વારાણસીની બેઠક જ લડી રહ્યા છે. એમની સામે સંયુક્ત ઉમેદવાર ઉતારવામાં વિપક્ષો નિષ્ફળ રહ્યા છે. કેજરીવાલ કોચલામાં પુરાઈ જઈ દિલ્હી પૂરતું જે કંઈ વર્ચસ્વ રહ્યું છે એ બચાવવામાં પડ્યા છે. પરંતુ કોંગ્રેસનાં સ્ટાર પ્રચારક અને નહેરુ ગાંધી પરિવારનાં સદસ્ય પ્રિયંકા ગાંધી કદાચ મોદી સામે બાથ ભીડશે એવી અફવા શરૂ થયેલી એને ખુદ પ્રિયંકાએ હવા આપેલી અને જો કોંગ્રેસ અધ્યક્ષ ઈચ્છે તો પોતે વારાણસીની બેઠક લડવા તૈયાર છે. એવાં બણગાં ફૂકેલાં તે બધી બાબતો પર પૂર્ણ વિરામ મુકાઈ ગયું છે. રાહુલ ગાંધીએ 'રાઝ કો રાઝ રહને દો' કહી વારાણસી બેઠક પર મોટો ભડાકો કરવાના હોય એવો ભ્રમ જગાડ્યા પછી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતના કોંગ્રેસના ઉમેદવાર અજય રાયને જ રિપીટ કર્યા છે. દેખીતી રીતે આ મોદી માટે કેક વૉક જેવી પરિસ્થિતિ સર્જનારી ઘટના છે. પ્રિયંકાને રાજકારણમાં પ્રવેશતાંની સાથે પહેલી જ ચૂંટણીમાં 'બલિની બકરી' બનાવી દેવાનું માતા સોનિયા કે ભ્રાત રાહુલને ઉચિત નથી લાગ્યું. અલબત્ત, એનો મેસેજ ખોટો જ ગયો છે. પ્રિયંકા છાતી ફુલાવીને કહેતાં ફરતાં હતાં કે લોકશાહીમાં કોઈ 'અજેય' - અર્થાત્ જેને હરાવી ન જ શકાય એવું નથી હોતું. મોદી સામે ચૂંટણી લડવા પોતે તૈયાર છે એવી જાહેરાત પછી જો પરિવાર પાણીમાં બેસી જતો હોય તો એના અર્થસંકેતો કોંગ્રેસની ગભરું માનસિકતા જ દર્શાવે છે.

## જિંદગી મેં તું કભી સુખી નહીં હોં સકતા, મેરે બચ્ચો કી હાય તેરા સુખ-ચેન સબ કુછ છીન લેગી, તું તબાહ હો જાયેગા... યે એક મા કી બદદુઆ હૈ...



### ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

**જિંદગી મેં તું કભી સુખી નહીં હોં સકતા, મેરે બચ્ચો કી હાય તેરા સુખ-ચેન સબ કુછ છીન લેગી, તું તબાહ હો જાયેગા... યે એક મા કી બદદુઆ હૈ...**

**- બાઝીગર**

અબ્બાસ-મસ્તાન દિગ્દર્શિત 'બાઝીગર' ફિલ્મ ૧૯૯૩ની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ હતી. ઈરા લેવીનની નવલકથા 'A Kiss before Dying' ૧૯૫૩માં પ્રકાશિત થઈ હતી. જે નવલકથા પરથી ૧૯૯૧માં 'A Kiss before dying' એ નામે જ હોલીવુડમાં જેમ્સ ડેરડેન નામક દિગ્દર્શકે ફિલ્મ બનાવી. આ જ ફિલ્મ પરથી પ્રેરિત 'બાઝીગર' બોલીવુડ ફિલ્મ ૧૯૯૩માં ભારતમાં રિલીઝ થઈ. શાહરૂખ ખાન, કાજોલ અને શિલ્પા શેટ્ટીને ચમકાવતી આ ફિલ્મે શાહરૂખ ખાનને રાતોરાત સ્ટાર બનાવી દીધો, અને આ ફિલ્મને લીધે તેને ફિલ્મફેરનો બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળ્યો હતો...

મજાની વાત એ છે કે 'બાઝીગર' ની સત્તાવાર કન્નડ રીમેક 'નગારાહાવુ' (Cobra) ફિલ્મના નામે ઈ.સ. ૨૦૦૨માં રીલીઝ થઈ જેમાં હિરો તરીકે ઉપેન્દ્ર અને હિરોઈન જયોથિકા (નગ્માની બહેન) મુખ્ય રોલમાં હતા.

'બાઝીગર' ફિલ્મમાં ઉપરોક્ત સંવાદ રાખી બોલે છે, અને દિલીપ તાહીલ જયારે તેના પરિવારને રસ્તા પર લઈ આવે છે, અને કોઈ પણ દોષ વગર જયારે તેના સંતાન રસ્તે રઝળતા થઈ જાય છે, ત્યારે રાખીના મુખેથી આ શ્રાપ નીકળે છે. આ ફિલ્મના સંવાદ અને પટકથા રોબિન ભટ્ટ, આકાશ ખુરાના અને જાવેદ સિદ્દીકીએ લખ્યા હતા.

ઉપરોક્ત અર્થસામ્યતાવાળો એક શ્લોક વાલ્મિકી રામાયણમાં મળી આવે છે.

**યાનિમિથ્યાભિશસ્તાનાં પતન્ત્યશ્રૂણિ રાઘવ ।**
**તાનિ પુત્રપશૂન ઘ્નન્તિ પ્રીત્યર્થમનુશાસતઃ ॥**

- હે રામ અપરાધ વગરના દંડ પામેલા વ્યક્તિનાં આંસુ પડે તે આંસુ મોજમસ્તી કરવાવાળા રાજાના પુત્રો અને પશુઓને મારી નાખે છે.

રાજા દશરથે નિર્દોષ આંધળા મા-બાપના એકના એક સેવાનિષ્ઠ પુત્ર શ્રવણને શિકાર સમજી હણી નાખ્યો, ત્યારે તે માતા-પિતાના મુખે પણ શ્રાપ નીકળે છે, કે જેવી રીતે અમે અમારા સંતાનના વિયોગમાં રિબાઈ રિબાઈને મૃત્યુને શરણ જઈ રહ્યા છીએ, તેમ તારે પણ આવો જ દિવસ જોવાનો વારો આવવાનો છે.

નિર્દોષની આંતરડી કકળાવીને કોઈ સુખી નથી થઈ શક્યું.

મહર્ષિ વાલ્મીકિ રચિત 'રામાયણ' મહાકાવ્યથી ભલા કોણ અપરિચિત હોઈ શકે ? અનુષ્ટુપ છંદમાં લખાયેલ આ ગ્રંથ અદ્વિતીય છે. વાલ્મીકિને આદિકવિ કહેવામાં આવ્યા છે, કારણ કે તેમને પ્રથમ કવિ માનવામાં આવ્યા છે. એકવાર વાલ્મીકિ એક કૌંચ પક્ષીના યુગલને જોઈ રહ્યા હતા. તે યુગલ પ્રેમમાં લીન હતું. ત્યાં જ તેમણે જોયું કે સારસ પક્ષીના યુગલમાંથી નર પક્ષીનો એક શિકારીએ વધ કરી નાખ્યો. અને આથી માદા સારસ પક્ષી પણ વિલાપ કરવા લાગી... આ સમયે જ વાલ્મીકિના મુખે આ શ્લોક સરી પડ્યો...

**મા નિષાદ પ્રતિષ્ઠાં ત્વમગમઃ શાશ્વતીઃ સમાઃ ।**
**યત્ક્રૌંચમિથુનાદેકમ્ અવધીઃ કામમોહિતમ્ ॥**

- અને શ્લોક પરથી જ 'રામાયણ' જેવો કરુણ સભર ગ્રંથ લખી નાખ્યો.

- jayuoza@gmail.com,
Mo. 9898046488



### સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

**૨૮મીએ કાવ્ય મહેફિલ**

ગાંધીનગર સાહિત્યસભા અને કલોલના મહાકાલ કોમ્યુનિકેશનના સંયુક્ત ઉપક્રમે, સાહિત્ય સરિતા મુંબઈના સૌજન્યથી ગાંધીનગરમાં, યુથ હોસ્ટેલ ખાતે, તા. ૨૮મી એપ્રિલે, ૨૦૧૯ને રવિવારના રોજ, સાંજના ૫.૦૦ વાગે એક સાહિત્યિક કાર્યક્રમમાં ગાંધીનગરના દિગ્ગજ કવિઓ પ્રતાપસિંહ ડાભી 'હાકલ', શૈલેષ પંડ્યા 'ભીનાશ'; કિશોર જિકાદરા, પ્રકાશ જલાલ, રમેશ ઠાકર, નટવર હેડાઉ અને સંજય થોરાત તેમની કવિતાઓ/ગઝલોનો કેકારવ કરશે. આ સંમેલનનું આયોજન જાણીતા કવિ હેતન આનંદપરા દ્વારા કરાયું છે. શહેરના સાહિત્ય રસિકો - ભાવકોને, આ કાર્યક્રમ માણવા સંસ્થા દ્વારા, જાહેર ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

- miljibhaidadhi@gmail.com
Mo. 9824236893

# પહેલી મે અને ડૉ. જીવરાજ મહેતાનું પાવન સ્મરણ



### ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

પહેલી મે નો દિવસ જોકે આંતરરાષ્ટ્રીય રીતે પણ એક અલગ મહત્વ ધરાવે છે. ગુજરાત માટે આ દિવસનું કેટલું મહત્વે છે તે વાતની સ્પષ્ટતા ભાગ્યેજ કરવી પડે. રાજ્યની સ્થાપનાનું સ્વપ્ન પૂરું થતાં અનેક લોકોએ નર્મદની આ અમર પંક્તિઓનું ફરી ફરી રટણ કર્યું હશે.

જય જય ગરવી ગુજરાત
દિસે અરુણું પ્રભાત
ધ્વજ પ્રકાશે ઝળળ કસુંબી
પ્રેમશૌર્ય અંકિત,
તુ ભણણ ભણણ નીજ સંતતિ સૌને
પ્રેમ ભક્તિની રીત
ઊંચી સુંદર તવ જાત
જય જય ગરવી ગુજરાત.

નર્મદના આ અર્થસભર શબ્દો સાથેજ પહેલી મેના દિવસે અનેક ગુજરાતીઓના મનમાં રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક તથા શીલભદ્ર વ્યક્તિત્વ ધરાવતા અમરવલ્લી (અમરેલી)ના પનોતા પુત્ર ડૉ. જીવરાજ મહેતાની સ્મૃતિ તાજી થાય છે. ઈન્દુચાચાએ ગુજરાત મેળવવા જન સામાન્યમાં ન્યાય માટેની લડાઈ લડવાનો વીરભાવ જાગૃત કર્યો. મહારાજે રાજ્યની સ્થાપનાનો દિવો ગાંધી ચેતનાની શાક્ષીએ પ્રગટાવ્યો અને ભાવિ માર્ગનું સુચારું દર્શન કરાવ્યું. જ્યારે મહાત્મા ગાંધી અને પંડિત મોતીલાલ નહેરુના પણ તબીબ એવા ડૉકટર જીવરાજ મહેતાએ નવા સ્થપાયેલા રાજ્યની ધૂરા સંભાળી. નિષ્ણાત તબીબ અને વડોદરા રાજ્યના આ વિચક્ષણ દીવાને ગુજરાતના ભાવિ વિકાસના ઊંડા પાયા નાખ્યા. ગાંધીની સાદગી અને સરદારની વહીવટી સૂઝના સમન્વય સમાન આપણાં રાજ્યના આ પ્રથમ સુકાનીએ વહીવટના ઉમદા આદર્શોનું જતન કરીને બાળરાજ્યનું કાળજી તથા ભાવથી સંવર્ધન કર્યું. પહેલી મેનો દિવસ ડૉ. જીવરાજ મહેતાની સ્મૃતિને વંદન કરવાનો દિવસ છે. આવું અનાસક્ત તથા નમ્ર વ્યક્તિત્વ એ જાહેર જીવનમાં ઓછી જોવા મળતી ઘટના છે. ૧૯૮૭ માં જીવરાજભાઈની જન્મ શતાબ્દીએ અનેક લોકોએ તેમના આદર સહ યાદ કર્યા હતા. માનવ મનની લાગણીઓને ઝીણવટપૂર્વક સમજનાર આ તબીબ મહાત્મા ગાંધીના ખરા અર્થમાં જીવંત પ્રતિનિધિ હતા.

ગુજરાત જ્યારે મુંબઈ રાજ્યનો ભાગ હતું ત્યારની એક બનેલી ઘટના ધૈર્યચન્દ્ર બુધ્ધે લખી છે. ડૉ. જીવરાજ મહેતા ત્યારે મુંબઈ રાજ્યના નાણાં મંત્રી હતા. ડૉ. મહેતા ગુજરાત રાજ્યની રચના (૧૯૬૦) થયા પછી રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી થયા હતા તે સુવિદિત છે. આથી ગુજરાત રાજ્યની સ્થાપના પહેલાના સમયની આ ઘટના છે. મહેતા સાહેબ મુંબઈ રાજ્યના નાણાં મંત્રી હતા ત્યારે એક વખત વડોદરાની મુલાકાતે આવેલા હતા. સ્વાભાવિક રીતેજ નાણાં મંત્રીશ્રીનો સત્કાર કરવા અનેક લોકો રેલ્વે સ્ટેશન પર હાજર હતા. સ્ટેશનની બહાર નીકળવા ડૉ. મહેતા પ્લેટફોર્મ પરના ઓવર બ્રીજના પગથિયા ઉતરતા હતા. સાહેબે જોયું કે તેમની આગળ એક બહેન પગથિયા ઉતરતા હતા. બહેને એક બાળક તેડેલું હતું અને બીજા હાથથી તેઓ પાણી ભરેલું વાસણ ઊંચકીને પગથિયા ઉતરતા હતા. બાળકને એક હાથથી સંભાળીને બીજા હાથથી પાણી ભરેલા વાસણનો બોજ ઉપાડવાની તેઓ મુશ્કેલી અનુભવતા હતા. ગાંધીની જેમ ઝીણી નજરે જોનારા આ માનવતાવાદી ડૉ. મહેતાની નજરથી એક સામાન્ય મહીલાની મુશ્કેલીની વાત છટકી શકી નહિ. તેઓ થોડા ઝડપથી ચાલ્યા અને પેલા બહેનના હાથમાંથી પાણીનું વાસણ સહજ રીતે ઊંચકી લીધું. બહેનના ચહેરા પર રાહતનો ભાવ ઉભરી આવ્યો. પગથિયા ઉતર્યા પછી પેલા બહેન પાણીનું વાસણ મહેતા સાહેબ પાસેથી લઈને રાહત સાથે આગળ ચાલ્યા. ડૉ. મહેતા પણ સ્વાભાવિક રીતેજ સરકારી ગાડીમાં બેસીને સરકીટ હાઉસ તરફ ગયા.

ઉપરની ઘટના કદાચ નાની દેખાય પરંતુ તેના મૂળમાં નજર નાખવાની જરૂર જણાય છે. એક માનવી બીજા માનવી તરફ સંવેદના ધરાવતો હોય તો આજની અને કોઈપણ કાળની મોટા ભાગની સમસ્યાઓનો તેમાં ઉકેલ છે. સંવેદનાનો અભાવ હોય તો સાધનો અને સંપત્તિ વધે ખરા પરંતુ સમાજની સુખાકારીનો ગ્રાફ ઊંચો આવે નહિ. એક ટોચના નેતા જ્યારે આવું વર્તન સ્વાભાવિક પણેજ કરે ત્યારે તેનો સંદેશ પણ સમાજમાં અસરકાર રીતે ઝીલાતો હોય છે. ડૉ. જીવરાજ મહેતાએ જે કર્યું તેવું સદ્ભાવનું કૃત્ય સહજપણે કરવાની ઈચ્છા મોટા ભાગના નાગરિકોને થાય તો સ્વસ્થ સમાજ જીવન ઊભું કરવાની દિશામાં ગતિ કરી શકાય. ગુજરાત રાજયની સ્થાપનાના મહિનામાં સંવેદનશીલ ડૉ. જીવરાજ મહેતાની સ્મૃતિને ફરી વંદન કરવાનું મન થાય છે. મોંઘા મૂલના આવા માનવીઓ એક તેજ લીસોટા જેવું જીવતર જીવીને ગયા. વિજળીના ચમકારે મોતી પરોવી લેવાનું ગંગાસતીનું વચન ડૉકટર સાહેબ જીવીને ગયા. કવિ રમેશ પારેખે આવા જીવન જીવી જનારા લોકોના સંદર્ભમાં લખ્યું છે તે ફરી ફરી યાદ આવે તેવું છે.

પડે ન સ્હેજે ખુદનો ડાઘો
એમ જગતને અડે
દુર્ભલ એ દરવેશ કે
જેના કાળ સાચવે પગલાં.

ડૉ. જીવરાજ મહેતાની સ્મૃતિમાં અમરેલી જિલ્લા વિદ્યાસભા તરફથી મહેતા સાહેબને "સમતાના મેર" તરીકે બીરદાવતું પુસ્તક પ્રગટ કરવામાં આવેલું છે તે મહેતા સાહેબના સંદર્ભમાં કાળજીથી તૈયાર કરવામાં આવેલું એક નોંધપાત્ર દસ્તાવેજીકરણ છે.

ગુજરાતના આ પ્રથમ મુખ્યમંત્રી ગાંધીજીના પણ હમેશના વિશ્વાસપાત્ર અને પ્રીતિપાત્ર તબીબ હતા. ગાંધીજીને તેમનામાં ભારે શ્રધ્ધા હતી. ગાંધીજીના જીવન દરમિયાન બાપુની તબીયત અંગેનો આખરી અભિપ્રાય ડૉ. જીવરાજ મહેતાનો લેવામાં આવતો હતો. બાપુના સહવાસ તેમજ પોતાના સંસ્કારના કારણે બાપુની નિર્ભયતા પણ જીવરાજભાઈની રગેરગમાં ઉતરી હતી. કોઈપણ બાબતમાં સ્પષ્ટ વક્તા હોવાના કારણે તેમની રાજકીય કારકીર્દિમાં તેમને સહન કરવાનો સમય પણ આવ્યો હતો. ડૉકટર સાહેબને ગુજરાતનું મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું તે એક દૂર્ભાગ્યપૂર્ણ ઘટના છે. પરંતુ આ ગાંધીના ગોવાળને તે અંગે કદી રંજ થયો ન હતો.

ગાંધીની ગુજરાતના એ સદનસીબ ગણાય કે ડૉ. જીવરાજ મહેતા જેવા બાહોશ સુકાની રાજ્યને નૂતન ગુજરાતના પહેલા મુખ્યમંત્રી તરીકે મળ્યા હતા. મહેતા સાહેબ તથા તેમના સહધર્મચારિણી હંસાબેનનો સિંહફાળો મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાની સ્થાપનામાં રહ્યો છે. આ પુણ્યશ્લોક દંપતી એમ. એસ. યુનિવર્સિટી જેવા ભવ્ય સ્મારકોના માધ્યમથી આજે પણ જીવંત છે.

# દાંડીકૂચ દરમિયાનના દિવસોમાં ગાંધીજીએ પ્રજા સાથે સીધો સંવાદ રચ્યો



### ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

૧૨મી માર્ચથી ૫મી એપ્રિલ ૧૯૩૦ સુધી સતત ૨૫ દિવસ સુધી દાંડીકૂચ ચાલી. એ દરમિયાન ગાંધીજીએ ચાલવાની સાથે વ્યાપક જનમદિને કેળવવાનું કાર્ય કર્યુ હતું. કૂચના માર્ગમાં આવતા દરેક સ્થળોએ આઝાદીનું સપનું સેવતા ભારતીયો સાથે સીધો સંવાદ રચ્યો હતો. દાંડીકૂચને એટલો બધો વ્યાપક અને સ્વયંભૂ આવકાર મળ્યો હતો. જે ગામમાં કૂચ પહોંચે એ ગામના લોકો તેમની સાથે દાંડીકૂચમાં જાણે જોડાઈ ગયા હોય તેમ ચાલવા લાગતા હતા. ગાંધીજી પણ થોડાક અંતર સુધી તેમને કૂચમાં જોડતા હતા. જે સાથીઓ સાથે તેમણે મીઠાના કર સામેની પ્રચંડ લડતમાં ડગલાં માંડ્યા હતા તેમાં ગામેગામથી લોકો જોડાઈ જતા હતા, જેમાં સ્ત્રી પુરુષ આબાલવૃદ્ધ સૌ કોઈ હતા. ગાંધીજી જ્યારે સાબરમતી આશ્રમથી કુચ લઈને નીકળ્યા વચ્ચે ગુજરાત વિદ્યાપીઠ ખાતે તેમનું રોકાણ-ભાષણ હતું, પછી ત્યાંથી તેઓ આગળ નીકળ્યા ત્યારે તેમની સાથે બીજા સાથીઓ અને જનસામાન્ય પણ ચાલવા લાગ્યા હતા એમાં કસ્તુરબા પણ હતા. પ્રીતમનગર પહોંચ્યા પછી ગાંધીજીએ બાના ખભે હાથ મૂકી તેમને પણ હસતા હસતા પાછા વળવા કહ્યું. બાપુની આજ્ઞા માનીને તેમને વંદન કરીને કસ્તુરબા પરત ફર્યા હતા. પણ કસ્તુરબાની જેમ બાકીના તમામને ગાંધી જ્યારે પ્રેમથી પાછા વળવાની વાત કરતા હતા ત્યારે બધા જ એ આજ્ઞા સ્વીકારતા નહીં ને સાથે સાથે ચાલતા હતા. ચંડોળા ખાતે પણ આવી જ રીતે જ્યારે આગળ વધતા હતા ત્યારે તેમણે પાછા વળવાની સૂચના તો કરી તેમ છતાં પણ ત્રણ ચાર હજાર માણસો છેક અસલાલી સુધી વળાવવા ગયા હતા. ગાંધીજીએ ૨૫ દિવસ કૂચ તો કરી પણ સાથે સાથે આઝાદીની લડતનું સપનું પ્રજામાનસમાં બળવત્તર બનાવવાનું કામ તેમણે કર્યુ. તેમના દરેક ભાષણમાં ગામના પ્રશ્નોની સાથે સમાજના પ્રશ્નો, રાષ્ટ્રનાં પ્રશ્નો અને આઝાદીના પ્રશ્નો સમાવીને પ્રજામાં જાગૃતિ આણવાનું કામ તેમણે કર્યુ. જે ગામ પાસેથી પસાર થવાના હોય ત્યાં આજુબાજુના હજારો ગામલોકો માઈલો દૂરથી શંખ ભુંગળ, ઢોલ ઝાઝ, થાળી વેલણ જેવી હાથે પડે એવા વાંજિંત્રો લઈને આનંદવિભોર બનીને સામૈયું કરવા પહોંચી જતા હતા. જ્યાં ગાંધીજીનો મુકામ રહેતો એ જગ્યા તો ચોખ્ખી ચણાક કરવામાં આવતી હતી પરંતુ આ ગામની પણ સાફ-સફાઈ કરવામાં આવતી હતી. ગામ ધજા અને તોરણથી શણગારવામાં આવતું હતું. ગાંધીજી એ ગામમાં જ્યારે ભાષણ કરતા ત્યારે સૌથી પહેલા ગામના મુખી પટેલો અને રાવણિયાના રાજીનામા લેવાથી સભાની શરૂઆત કરતા હતા. ગાંધીજી દરેક ગામમાં મીઠાના કરની સામે તો લડત ખરી જ પરંતુ રેંટિયા ની ખાદીપ્રચારની, અસ્પૃશ્યતા નાબૂદીની સીધી વાત કરતા હતા. આ કાર્યક્રમમાં તેમના ભાષણ થકી આડપેદાશ રૂપે સ્ત્રી-પુરુષ સમાનતાની વાત પણ તેમણે કરી હોય કે ના કરી હોય ફેલાતી હતી.

**કૂચના માર્ગે આવતા ગામઓના ભાષણમાં તેમણે સ્વચ્છતા સાથે શાંત અને અહિંસક લડત માટે જનમતને જાગૃત કર્યો હતો**

ગાંધીજી પોતાના હોદ્દા ઉપરથી રાજીનામું આપ્યા હોય તેમના પ્રત્યે મને ઘણો આનંદ વ્યક્ત કરતા કહેતા કે પ્રાર્થનામાં રામાયણની ચોપાઈ આપણે દર વખતે સાંભળીએ છીએ, 'રઘુકુલ રીત સદા ચલી આઈ જાય અરુ વચન ન જાય'- આ રઘુકુળ નો વારસો જાળવવા અને પ્રાણ જાય તો પણ વચન ફોક ન થાય એ જોવા માટે જાગૃત કરતા હતા.

ગાંધીજીના ભાષણોમાં અને કૂચના આ દિવસોમાં સૌથી મોટું કામ તેમણે પ્રજામાનસમાંથી ભય દુર કરવાનું કર્યુ હતું. સભામાં તેઓ કહેતા કે 'એક છોકરો પણ આવીને મને થાપટ મારે તો હું ત્રણ ગુલાંટ ખાઈ જાઉં પણ મેં સરકારનો ભય વિસાર્યો છે હું તો સરકારના દારૂગોળાને પણ મારા પગની ધૂળ સમજુ છું'. કૂચ જ્યારે નડિયાદ પહોંચી ત્યારે અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી પડયો હતો. પ્રસિદ્ધ સંતરામ મંદિરમાં કૂચસૈનિકોનો ઉતારો હતો. બાપુએ મંદિરના ઝરૂખેથી સભા સંબોધી હતી. સંબોધન શરૂ કરતા તેમણે કહ્યું અનેક સભામાં ભાષણ આપ્યા છે પણ કોઈ વખતે આવડી મોટી મેદની થઈ નથી તેમણે સવાલ કર્યો હિંદ શું માંગે છે? અને જવાબ આપતા કહ્યું કે આપણને પૂર્ણ સ્વરાજ જોઈએ છે આટલે બધે દુર થી આવ્યા છો તે મને માન આપવા આવ્યા છો તેમ હું માનતો નથી. તમે પૂર્ણ સ્વરાજની ખાતર આવ્યા છો. અમે અહીં સુધી આવ્યા એ તમારા આશીર્વાદના પુરાવા છે પણ તમારી એ આશિષ સુકાઈ ન જવી જોઈએ., ચરોતરની ભૂમિના પુત્ર અને દાંડીકૂચમાં જેમની પહેલી ધરપકડ થઈ હતી એવા સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરતા તેમણે કહ્યું કે ' સરદારે ખેડા જિલ્લામાં ઘણું કામ કર્યું છે મેં પણ આ જિલ્લામાં કામ કર્યું છે તેથી આ યુદ્ધમાં મદદ કરવાની તમારી તો ત્રણ ગણી ફરજ છે. મને પૈસાની મદદ જોઈતી નથી મને તો માણસો જોઈએ છે. વલ્લભભાઈને કેદ એટલે ખેડાને કેદ-એટલે તમારા ઉપર મારો અધિકાર છે. નડિયાદ તો ગોવર્ધનરામ ત્રિપાઠીનું ને મણિભાઈ નભુભાઈનું ગામ, એવા નડિયાદમાં વિદ્યાર્થીઓ શું કરશે એ સવાલનો જવાબ તમારે આપવાનો સમય આવ્યો છે. સ્વરાજના યુદ્ધમાં તમે સૌ કોઈ જોડાઈ જાઓ, એવી ગાંધીએ અહીં શિખ આપી હતી.

નડીયાદ થી આગળ જ્યારે વડતાલની પાસેના બોરીઆવીની ધર્મશાળા પાસે વડલાના ઝાડ નીચે બાર હજાર માણસોની સભા મળી હતી. અહીં પણ ગાંધીજીએ પટેલ મતાદારોના રાજીનામા માટે ધન્યવાદ પ્રગટ કર્યા અને કહ્યું કે શાંતિના યુદ્ધમાં બળાત્કારને સ્થાન નથી. આપણે બળ નથી વાપરવાનું. અંગ્રેજો ઉપર દુઃખ દેવાથી આપણું કામ પતી ન જાય. આ સભામાં રાષ્ટ્રીય શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ તથા સોનગઢ ગુરુકુળના મુખ્ય અધિષ્ઠાતા ચતુરભાઈ આવ્યા હતા. તેમણે સ્વરાજની લડતમાં ખડી ફોજ ઊભી કરવાના ગાંધીજી પાસેથી આશીર્વાદ લીધા હતા.

કૂચમાં ગાંધી જ્યારે આણંદ પહોંચ્યા રાત્રે આઠ વાગે ચરોતર એજ્યુકેશન સોસાયટીના મેદાનમાં ૨૫ હજાર માણસોની હાજરી વચ્ચે સભા થઈ. ગાંધીજી અહીયા પહેલીવાર આણંદે આજે અમારું સ્વાગત કર્યું તે માટે હાર્દિક ધન્યવાદ એમ કહ્યું. પોતાના ભાષણમાં તેમણે કહ્યું કે 'હાર્દિક' વિશેષણનો ઉપયોગ હું નથી કરતો તેથી તે લૂખું છે એમ નહીં પણ હાર્દિક કહેવાનું કારણ તમારા સુંદર બંદોબસ્તથી અમને ધૂળની લ્હાણ ન મળી એ છે. બાપુએ આમ કહીને સ્વચ્છતાનો સંદેશ આપી દીધો. અમદાવાદમાં ધૂળના અબીલ-ગુલાલ ઠીક મળ્યા હતા નડિયાદમાં પણ ધૂળની સારી પ્રસાદી મળી હતી અને નરસિંહભાઈએ થી દોડાદોડી કરીને રસ્તા ઉપર પાણી છંટાવી રાખ્યું તેથી અહીં મારા હાર્દિક અભિનંદન. એ પછી તેમણે સત્યાગ્રહનો પંથ પ્રેમપંથ છે એ વેરભાવનો પંથ નથી. વેરભાવ બીજાને બાળે છે જ્યારે પ્રેમ પોતાને બાળે છે અને બીજાને શુદ્ધ કરે છે. મરતી વખતે પણ અંદર ક્રોધ નહીં થાય એવી ભાવના થાય, 'હે ભગવાન ! આ મારનારનું તું ભલુ કરજે, એવા મરણની ભેટ જ્યારે થાય ત્યારે એને સત્યાગ્રહી મરણ તરીકે હું નવાજું. એમ કહેતા તેઓ લડતને શાંત અને અહિંસક રીતે જ ચલાવવા માટે સમજાવે છે.ગાંધીકૂચ સાથે એ સમયની સમાજને પીડતી અનેક સમસ્યાઓમાંથીસમૂળગી આઝાદીના કાર્યો ની વાત આગામી લેખોમાં આપણે જોઈશું.